ગાંધીનગર સમાચાર

**ડાયરેક્ટ ❤ સે**

કોઈકે મને પૂછ્યું
તારું પોતાનું કોણ છે ?
મેં જવાબ આપ્યો,
જે બીજા માટે
મને ના છોડે
એ મારું છે.

## જન્મદિને વધામણી



કેયુર પી પટેલ
મો. ૯૯૭૯૫ ૦૭૨૯૪



મેહુલ પી પ્રજાપતિ

### નિરમા યુનિવર્સિટીની ઈન્સ્ટીટ્યુટ ઑફ લૉ અંતર્ગત સૅન્ટર ફૉર ઍન્વાયરમૅન્ટલ લૉ દ્વારા

# સસ્ટેનેબલ રિસોર્સ મૅનેજમૅન્ટ વિષયે સૅમિનાર




ગાંધીનગર, તા. ૨૭

નિરમા યુનિવર્સિટીની ઈન્સ્ટીટ્યુટ ઑફ લૉ અંતર્ગત ચાલતા સૅન્ટર ફૉર ઍન્વાયરમેન્ટ લૉ દ્વારા 'સસ્ટેનેબલ રિસોર્સ મૅનેજમૅન્ટ : લિગલ ઈશ્યૂ ઍન્ડ કન્ઝર્વેશન સ્ટ્રેટેજીસ' વિષયે રાષ્ટ્રયકક્ષાના સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલના ચેરપર્સન એ કે ગોયલ આ પ્રસંગે મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આઈએનએલયુનાં ડિરેક્ટર અને ડિન ડૉ. પુર્વી પોખરિયાલે સ્વાગત પ્રવચન કર્યું હતું, પ્રૉફેસર માધુરી પરીખ દ્વારા સેમિનારની રૂપરેખા આપવામાં આવી હતી. નિરમા યુનિવર્સિટીના ડિરેક્ટર જનરલ ડૉ. અનુપ સિંઘ આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

ભારત દેશ લોકોની જરૂરિયાતોને પૂર્ણ કરવા પૂરતાં સંસાધનો ધરાવે છે, પરંતુ તેમનાં સંરક્ષણ અને અસરકારક ઉપયોગના અભાવે તેમની પહોંચ સામાન્ય માણસને પ્રાપ્ત થઈ શકતી નથી એમ જણાવી તેમણે દેશમાં ભૂમિગત પાણીનો મોટા પ્રમાણમાં વ્યય થઈ રહ્યો હોવાની વાત પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે આદર્શ એવો છે કે ૮૦ ટકા વરસાદી પાણી અને ૨૦ ટકા ભૂમિગત પાણીનો વપરાશ થવો જોઈએ, પરંતુ આપણે ત્યાં એનાથી ઉલ્ટું થાય છે; ૨૦ ટકા વરસાદી પાણી અને ૮૦ ટકા ભૂમિગત પાણીનો ઉપયોગ થાય છે.

સેમિનારના અંતે ડૉ. બિશવા દાસ દ્વારા આભાર દર્શન કરવામાં આવ્યું હતું.

### સર્વ વિદ્યાલય પરિસરના બ્રહ્માણીકૃપા હૉલ ખાતે

## શ્રી નરેન્દ્રવિજયમહાકાવ્યમ્ વિશે આજે રાષ્ટ્રીય પરિસંવાદ

ગાંધીનગર, તા. ૨૭

ભારતીય શિક્ષણ મંડળ અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે આધુનિક રાષ્ટ્ભક્તિ-રસાશ્રિત મહાકાવ્યોમાં શ્રી નરેન્દ્રવિજયમહાકાવ્યમ્ વિશે રાષ્ટ્રીય પરિસંવાદનું રવિવારે ગાંધીનગરમાં આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની માહિતી આપતાં ભારતીય શિક્ષણ મંડળના રાષ્ટ્રીય સંરક્ષક ડૉ. અંબાલાલ પ્રજાપતિ અને ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર અજયસિંહ ચૌહાણે જણાવ્યું છે કે તા. ૨૮ ઑક્ટોબર ને રવિવારે સવારે ૯થી સાંજે ૫ કલાક દરમિયાન બ્રહ્માણી કૃપા હૉલ, સર્વ વિદ્યાલય પરિસર (ગેટ નં. ૧), સૅક્ટર-૨૩ ખાતે આયોજિત આ પરિસંવાદના ઉદ્‌ઘાટક તરીકે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ વિષ્ણુભાઈ પંડ્યા, સમારોહના પ્રમુખ સ્થાને અકાદમીના પૂર્વ અધ્યક્ષ ડૉ. ગૌતમભાઈ પટેલ, મુખ્ય મહેમાન પદે સાગર સૅન્ટ્રલ યુનિવર્સિટી, મધ્યપ્રદેશના કુલાધિપતિ બલવંતભાઈ જાની, અતિથિ તરીકે બાલ વિશ્વવિદ્યાલયના પૂર્વ કુલપતિ હર્ષદભાઈ શાહ તથા વક્તા તરીકે દિલ્હીના વક્તા ડૉ. રમાકાન્ત શુક્લ ઉપસ્થિત રહેશે.

પરિસંવાદ અંતર્ગત ડૉ. હર્ષદેવ માધવ, ડૉ. યોગિનીબેન વ્યાસ, ડૉ. વિજય પંડ્યા અને ડૉ. અંબાલાલ પ્રજાપતિ મહાકાવ્ય અંગે પોતાનાં વક્તવ્યો આપશે અને છેલ્લા સત્રમાં કવિગોષ્ઠિનું આયોજન પણ કરવામાં આવ્યું છે. રસ ધરાવતા નગરજનોને આ કાર્યક્રમ માણવા આયોજકો તરફથી નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## ઍસ કે પટેલ સ્કૂલમાં ક્લે ઍક્ટિવિટી



એસ કે પટેલ કે. જી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં ક્લે એક્ટિવિટીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બાળકો અવનવી ક્લે લઈને આવ્યા હતા. શિક્ષિકાઓએ અને બાળકોએ ભેગા મળીને ક્લેમાંથી અવનવી વસ્તુઓ જેવી કે વેજીટેબલ્સ, ફલાવર્સ, ફ્રૂટ્સ, ચોકલેટ બનાવી હતી. આ એક્ટિવિટીમાં બાળકોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## શહેરના નવા-જૂના ગાયકો માટે ડિસેમ્બરમાં 'મેરી આવાઝ સુનો' કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૭

મનોરંજન મ્યુઝીકલ ગ્રૂપ દ્વારા શહેરના નવા-જૂના ગાયકોને સ્ટેજ આપવા માટે 'મેરી આવાઝ સુનો' નામક કાર્યક્રમનું આયોજન ડિસેમ્બર માસ દરમિયાન કરવામાં આવ્યું છે.

કાર્યક્રમ અંતર્ગત ગાયકો કરાઓકે ટ્રેક પર ગાયન રજૂ કરી શકશે. કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છુક ગાયકોએ ૩૧મી ઑક્ટોબર સુધીમાં આ માટેનાં ફોર્મ મેળવીને પરત કરી દેવાનાં રહેશે એમ આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

આ અંગેની વધુ માહિતી માટે આર કે રાવળ (૯૫૭૪૬ ૨૬૮૦૩) અથવા અજીતસિંહ પરમાર (૯૮૭૯૦૯૯૮૪૪)નો સંપર્ક સાધવા સંસ્થા દ્વારા જણાવવામાં આવ્યું છે.

## ઈપીએફ યોજના અંતર્ગત એક વર્ષમાં ૧.૪૫ કરોડ નવા શેરધારકો જોડાયા

ગાંધીનગર, તા. ૨૭

કર્મચારી પ્રોવિડન્ટ ફંડ (ઈપીએફ) યોજના અંતર્ગત સપ્ટેમ્બર ૨૦૧૭થી ઓગસ્ટ ૨૦૧૮ સુધીમાં જ ૧.૪૫ કરોડ નવા શેરધારકો જોડાયા છે. સરકારે સંગઠિત ક્ષેત્રોમાં રોજગારના આંકડાઓ એક દિવસ પહેલા જ જાહેર કર્યા હતા. સ્ટેટિસ્ટિક્સ ઍન્ડ પ્રોગ્રામ અમલીકરણ મંત્રાલયે એપ્રીલ ૨૦૧૮માં સંગઠિત ક્ષેત્રમાં રોજગાર આંકડાઓ જાહેર કર્યા હતા. મંત્રાલયએ શેરધારકોની જાણકારી આપી હતી, કે જે લોકો ત્રણ મોટી યોજનાઓ કર્મચારી કર્મચારી પ્રોવિડન્ટ ફંડ (ઈપીએફઓ), કર્મચારી રાજ્ય વીમાં યોજના (ઈએસઆઈસી) અને રાષ્ટ્રીય પેન્શન યોજના (એનપીએસ)નો લાભ લીધો અથવા તેની સાથે જોડાયા હોય. ઈપીએફ સાથે જોડાણ કરવનાર નવા શેરધારકોની સંખ્યા સપ્ટેમ્બર ૨૦૧૭થી ઓગસ્ટ ૨૦૧૮ની વચ્ચે ૧,૪૫,૬૩,૮૬૪ રહ્યા હતા. જે અનુસાર આશરે ૯૧ લાખ કર્મચારી ભવિષ્ય નિધિ યોજનાના દાયરથી બહાર થયા હતા. પરંતુ થનારા આશરે ૧૮.૫૫ લાખ શેરધારકો ફરીથી આ અવધિ દરમિયાન યોગદાન આપવાનું શરૂ કર્યું છે.

## આગામી ૪ વર્ષમાં દવાઓ પર થતો ખર્ચ ૧૨ ટકા સુધી વધશે..!!

અમદાવાદ, તા.૨૬

ઈન્ડિયન ડ્રગ મેન્યુફેક્ચરિંગ એસોસિએશનનો ફાર્મેક ઈન્ડિયાની નવમી એડીશનનો પ્રારંભ થઈ ગયો છે. ત્રિદિવસીય આ કાર્યક્રમ લાઈવ ડેમો, એક્સલુઝિવ પ્રોડક્ટસ અને લેટેસ્ટ ફાર્માસ્યુટિકલ ટેકનોલોજીનો સમન્વય ધરાવતો ફાર્મા ઉદ્યોગના સહયોગીઓ માટે મહત્વનો સમારંભ છે, જેના ઉદઘાટનમાં ઉદ્યોગની જાણીતી હસ્તીઓ હાજર રહી હતી. આ સમારંભમાં ભારતની ટોચની ૧૫ કંપનીઓ સાથે બાયર-સેલર મીટનું આયોજન કરાયુ છે. વૈશ્વિક ધોરણો અનુસાર નવી ફાર્મોકોવિજીલન્સ સિસ્ટમના સંદર્ભમાં આ એક્સપો ક્લિનિકલ રિસર્ચ ક્ષેત્રે બદલાતી સ્થિતિ અંગે પરામર્શ કરીને વિદેશી કંપનીઓને ભારતમાં ક્લિનીકલ રિસર્ચ હાથ ધરવા માટેના દ્વાર ખોલશે. આ પ્રસંગે અમિત બક્ષીએ જણાવ્યું હતું કે "નાનું એકમ હોય કે મોટું, દરેકે સ્પર્ધામાં ટકી રહેવા માટે તફાવત ઉભો કરીને ટકી રહેવાનું રહેશે. એકમનું વિસ્તરણ માત્ર દેખાય તેવું નહીં કરીને બિઝનેસમાં ઈનોવેશન અને સોફ્ટ પાસામાં રોકાણ કરવાનું વલણ રાખવું જોઈએ." એફડીસીએના ડેપ્યુટી કમિશ્નર વી.આર. શાહે વધુમાં જણાવ્યું કે ગુજરાતમાં ફાર્મા ઉદ્યોગસાહસિકોને સંબંધ છે ત્યાં સુધી તે તમામ મુશ્કેલી અને વિપરીત પરિસ્થિતિઓ પાર કરીને સ્થાનિક અને વિદેશી બજારમાં સફળતાના શિખરો પાર કરતાં રહ્યા છે. સીડીએસસીઓ અમદાવાદના ડેપ્યુટી ડ્રગ કન્ટ્રોલર અરવિંદ કૂકરેટીએ જણાવ્યું હતું કે નિયમનની નવી માર્ગરેખાઓમાં ઉત્પાદનના સ્થળથી પ્રોડક્ટસ તરફ ધ્યાન કેન્દ્રિત કરાયું છે. આમાં ફાર્માસ્યુટિકલ ક્વોલિટી સિસ્ટમ, ક્વોલિટી મિસમેનેજમૅન્ટ, પ્રોડક્ટ ક્વોલિટી રિવ્યુ વગેરે જેવા મહત્વના પરિબળોનો સમાવેશ કરાયો છે.

## ઍસ વી ઈંગ્લિશ મીડિયમ પ્રિ-સ્કૂલમાં 'ફૅન્સી ડ્રેસ કૉમ્પિટિશન' યોજાઈ



ગાંધીનગર, તા. ૨૭

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઍસ. વી. ઈંગ્લિશ મીડિયમ પ્રિ-સ્કૂલમાં 'ફૅન્સી ડ્રેસ કૉમ્પિટિશન' યોજાઈ ગઈ, જ્યાં નાનાં ભૂલકાઓ ત્રિશૂળ-ડમરુ ધારણ કરેલ ભોલેનાથ, વિઘ્નહર્તા ગણેશજી, વીણા સાથે સરસ્વતી, કૃષ્ણભક્ત મીરાબાઈ, ગુરુ દ્રોણ, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી, કાયદાના રક્ષક પોલીસ, ડૉક્ટર, ઍર હૉસ્ટેસ, મિસ ઍસ. વી. સ્કૂલ, બ્યુટિશીયન, શાકભાજીવાળા, દૂધવાળા, મહારાષ્ટ્રીયન સન્નારી, આસમાનની પરી, સ્પાઈડરમેન, શકુંતલા વગેરે જેવાં પાત્રને અનુરૂપ વિવિધ પ્રકારનાં વસ્ત્રો પરિધાન કરીને શાળામાં આવ્યાં હતાં તથા પાત્ર અનુરૂપ સ્પીચ પણ આપી હતી. જજ તરીકે ઍસ. કે. પટેલ શાળાનાં સુપરવાઈઝર કામિની પટેલ અને મોનિકા ભાટિયાએ પોતાની સેવાઓ આપી હતી. શાળાનાં આચાર્ય જીજ્ઞા દર્પણ બુચે આ સફળ કાર્યક્રમમાં સહભાગીદારીતા બદલ વાલીઓ પ્રતિ આભારની લાગણી પ્રગટ કરી હતી.

## પતિ પાસેથી જીવન નિર્વાહ ભથ્થું લેવા માટે લગ્નનો ખાસ પુરાવો રજૂ કરવો જરૂરી નથી

ગાંધીનગર, તા. ૨૭

સુપ્રીમકોર્ટના એક નિર્ણયમાં કહેવામાં આવ્યું છે કે પતિ પાસેથી જીવન નિર્વાહ ભથ્થું લેવા માટે લગ્ન ખાસ કોઈ પુરાવો રજૂ કરવાની જરૂરિયાત નથી. એ કહીને સર્વોચ્ચ કોર્ટે કર્ણાટકના હાઈકોર્ટના નિર્ણયને રદ્દ કરી દીધો.જેમાં પત્નીને જીવન નિર્વાહ ખર્ચ આપવાની મનાઈ કરી દીધી હતી.જસ્ટિસ આર.ભાનુમતી અને ઈન્દિરા બેનરજીની પીઠે આ નિર્ણય પીડિત મહિલાની અરજી પાર આપ્યો. કોર્ટે કહ્યું કે સીઆરપીસીની ધારા ૧૨૫ હેઠળ કરેલી કાર્યવાહીમાં લગ્નના ખાસ પુરાવાની જરૂરિયાત નથી.

પીઠે કહ્યું કે પત્નીના મૌખિક સાક્ષ્ય તથા આપેલા પુરાવા આ વાત ને રેખાંકિત કરે છે કે તેના લગ્ન માન્ય છે.ગવાહોના નિવેદનોથી પણ સાબિત થાય છે કે બંને પક્ષ પતિ-પત્નીની સમાન રહે છે. પાડોસીઓએ તેને પતિ-પત્ની સમાન માન્યા છે.પીઠે કહ્યું કે ધારા ૧૨૫-ક કાર્યવાહી વૈવાહિક વિવાહોની કાર્યવાહી થી વિપરીત છે. વૈવાહિક વિવાહમાં લગ્નના ખાસ કોઈ પુરાવો આપવાનું જરૂરી છે.પરંતુ ધારા ૧૨૫ હેઠળ આ પ્રકારના સાક્ષી હોવા જોઈએ નહી કારણકે તેનો ઉદ્દેશ મહિલાને અભાવોથી બચાવવાનો છે.

### શ્રી સ્વામિનારાયણ મંદિર, કલોલમાં ઉજવાઈ

## રસ, રાસ અને ઉત્સવની જાજરમાન શરદપૂર્ણિમા

ગાંધીનગર, તા. ૨૭

ગરવા ગુજરાતના ઉત્તર ગુજરાતનું પ્રવેશદ્વાર કલોલમાં મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન સંચાલિત શ્રી સ્વામિનારાયણ મંદિર હરિભક્તો, ભાવિકો અને આસ્તિકો માટે આસ્થા અને શ્રદ્ધાનું કેન્દ્ર છે.

આસો સુદ પૂનમને શરદપૂર્ણિમા કે શરદપૂનમ ઉપરાંત રાસ પૂર્ણિમા કે રસ પૂર્ણિમા પણ કહી શકાય! પૂર્ણીમાની રાત્રી તો વરસમાં બાર – ૧૨ આવે છે પરંતુ શારદીય પૂર્ણિમા સૌંદર્ય અને આકર્ષણની દ્રષ્ટિએ...શ્રેષ્ઠ પૂર્ણિમા ગણી શકાય. શરદ પૂર્ણિમા મનમોહક, લાવણ્યમયી, ચિત્તાકર્ષક અને ઉન્માદી પૂર્ણિમા હોવા ઉપરાંત પૂર્ણ શૈત્ય અને શાંતિ વરસાવતી આહ્લાદક પૂર્ણિમા હોવાને લીધે ભગવાને પણ રાસલીલા માટે શરદ પૂર્ણિમાનું ચયન કર્યું હશે!!! રાત્રીના અંધકારને શીતલ ધવલ ચાંદની નીતરતા ઠંડા પ્રલશમાં તરબોળ કરનારી આ પૂર્ણિમા ભગવાનની પણ પ્રિય પૂર્ણિમા છે. આભમાં ચંદ્ર સોળે કળાએ ખીલીને ચાંદનીને સમગ્ર આકાશ ફલક પર ફેલાવી પૂર્ણતા અને શીતળતાનું મિલન પ્રયોગ છે તો રસરાજ રાસવિહારી શ્રી હરિ સંતો-ભક્તો સહ રહસ્ય, એમાંય અને હેત – અદ્વૈતનો અદ્ભુત રસ રચે છે. દરેક ભક્તને મુક્ત બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે અને દરેક ભક્ત ભગવાનને પૂર્ણ રીતે સ્વતંત્ર રીતે પામી શકે તે હેતુથી એક એક સંત-ભક્ત અને એક એક ભગવાનનો સુભગ સમન્વય સર્જાય છે, ત્યારે વ્યક્તિમાં અનહદ આનંદ ઊભરાય છે.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં શ્રી સ્વામિનારાયણ ભગવાને ૨૦૦ વર્ષ પહેલાં અનેક સ્થળોએ શરદપૂર્ણિમાના ઉત્સવ પ્રસંગે રાસલીલા કરી હતી. પંચાળામાં શ્રી સ્વામિનારાયણ ભગવાને એક એક સંતની સાથે એક એક અલગ રૂપ ધારણ કરીને રસ લીલા કરેલી છે તેની સ્મૃતિ તાજી કરવા સ્વામિનારાયણ સંપ્રદાયમાં ત્યારથી જ શરદપૂર્ણિમાનો ઉત્સવ દરેક મંદિરોમાં ઉજવાય છે. શ્રીજી સ્વયંમૂર્તિ જીવનપ્રાણ અબજીબાપાશ્રીએ કચ્છમાં, કલાવારિધિ સ્વામીબાપાના દિવ્ય સાન્નિધ્યમાં શરદપૂર્ણિમા ઉજવાઈ હતી. તદ્વત શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજના પાવન સાન્નિધ્યમાં દેશવિદેશમાં અનેક સ્થળોએ શરદપૂર્ણિમા પરમોલ્લાસભેર દરવર્ષે ઊજવાય છે. આ વર્ષે શ્રી સ્વામિનારાયણ મંદિર, કલોલમાં બંધન પાર્ટી પ્લોટમાં ઉલ્લાસભેર શરદપૂર્ણિમા ઊજવવામાં આવી હતી. દેશવિદેશના અનેક ભક્તો હાજર રહ્યા હતા. કચ્છના સુપ્રસિદ્ધ પરાગ-દર્શક સંગીતની બેલડીએ સૌને રાસોત્સવમાં તરબતર કર્યા હતા. અંતમાં સહુકોઈ દૂધપૌઆનો પ્રસાદ આરોગી યથાસ્થાને પ્રયાણ કર્યું હતું.

## અનુભૂતિનું અમૃત : ગાંધીકથા

॥ ૧૬મો મણકો ॥

ડૉ. મૉકે એ સવાલ પૂછ્યો ને ગાંધીજીએ જવાબ આપ્યો હતો : હિન્દુસ્તાનની જનતાના સ્વભાવ વિશેની મારી શ્રદ્ધા, એણે મને ટકાવ્યો છે.

બીજો પ્રશ્ન પૂછવામાં આવ્યો : તમે કોઈકવાર દરિયાના મોજામાં ઉપર હોવ કોઈક વાર મોજાના તળિયે હોવ એવા દિવસો તો તમારે પસાર થયા જ કરતા હોય છે. ચિંતાના વિષયો પણ હોય. તમને કઈ ચિંતા વધારે સતાવે છે ?

કોઈક ખબરપત્રી હોત તો એના મનમાં જવાબ તૈયાર જ હોત કે ભારતની આઝાદી. કારણ કે ત્યારે આઝાદ થયો નહોતો દેશ. અથવા બીજો જવાબ આપવો હોત તો આપી શકત કે ભારતની ગરીબી. કારણ કે એ પ્રશ્ન હજુ પણ ઊભો જ છે.

પણ ગાંધીજીએ આ બે જવાબ ન આપ્યા, તેમણે ત્રીજો જવાબ આપ્યો : કેરેસનેસ ઓફ ઈન્ટેલેક્ચ્યુઅલ્સ. બુદ્ધિમાનોની હૃદયશૂન્યતા, હૃદયજાડ્ય.



ત્રીજો પ્રશ્ન હતો : વૉટ વૉસ ધી મોસ્ટ ક્રિએટીવ એક્સપિરીઅન્સ ઓફ યોર લાઈફ ? તમારી જિંદગીમાં સૌથી વધારે નવોન્મેષકારી એવો અનુભવ કયો ? જેમાંથી કંઈક નવું સર્જન થયું હોય તે ?

ગાંધીજીએ જવાબ આપ્યો, કદાચ પીટરમારીસબર્ગનો અનુભવ.

એ શું ? એ આપણી આજની કથાનો વિષય છે.

દક્ષિણ આફ્રિકામાં ગાંધી પહોંચ્યા અને ભોંય પર પગ મૂકતાં પહેલાં જ તેમને એ દેશના એક મોટા કોયડાનો પરિચય થઈ ગયો હતો. આગબોટ આવીને ઊભી હતી, તેના સુધી પહોંચવા માટે મૂકવામાં આવેલા પાટિયા પર મહેમાનોને લેવા આવેલા લોકો ચાલી રહ્યા હતા. એમાં દાદા અબ્દુલ્લા પણ હતા. પરંતુ તેમની પાછળ ચાલતા એક ગોરી ચામડીવાળા માણસે 'કાળી ચામડીવાળો માણસ મારી આગળ કેવી રીતે ચાલે ?' એમ વિચારી દાદા અબ્દુલ્લાને સ્હેજ ધક્કો માર્યો, એટલે દાદા અબ્દુલ્લા સ્હેજ ખસી ગયા અને એ ધોળી ચામડીવાળો માણસ તેમનાથી આગળ ચાલ્યો ગયો.

ગાંધીજી આગબોટના કઠેરા પર ઊભા હતા. તેમણે આ જોયું. તેમણે અંદાજ પણ લગાવ્યો હતો કે પોતાને લેવા માટે આ માણસ આવ્યો હશે અને તે દાદા અબ્દુલ્લા હશે. પણ તેમણે આ જે ઘટના જોઈ એનાથી તેમને ઘણું દુખ થયું. તેમણે બે વાત વિચારી. પહેલી એ કે, 'ચામડીના રંગને લીધે કોઈ માણસને અપમાનિત કરી શકાય ?' અને વધારે દુખ તેમને એ વાતથી થયું કે ગોરા માણસે દાદા અબ્દુલ્લાને ધક્કો તો માર્યો, પણ દાદાએ એને માર્ગ પણ કરી આપ્યો ?

150 ગાંધીયાત્રા

એનો મતલબ એમ કે અહીં અન્યાય થાય છે અને અન્યાય સહન પણ થાય છે, એવું એમણે વિચાર્યું. આ માણસ હજુ તો થોડાક જ દિવસો પહેલાં નાગરિકતાના પાઠ શીખીને આવ્યો હતો અને તે દ્રઢપણે એવું માનતો હતો કે અન્યાય કરવો અને અન્યાય સહન કરવો એ બેય ન ખપે. જ્યારે અહીં તો બેય છે.

વકીલ અને અસીલ બંનેએ એકબીજાને પારખી લીધા. એટલે કે ગાંધીજીએ દાદા અબ્દુલ્લાને પારખી લીધા અને દાદા અબ્દુલ્લાએ ગાંધીજીને પારખી લીધા. દાદા અબ્દુલ્લા આમ તો ત્યાંના ઘણા મોટા માણસ. ૨૦૦ માણસો એમના હાથ નીચે કામ કરતા. એ સમયે દક્ષિણ આફ્રિકાના સૌથી મોટા બે-ત્રણ વેપારીઓમાંના એક અને જે કેસ માટે તેમણે ગાંધીજીને દક્ષિણ આફ્રિકા બોલાવ્યા હતા તે દક્ષિણ આફ્રિકાની કોર્ટોમાં ચાલી રહેલો સૌથી મોટો કેસ. અલબત્ત, ગાંધીજીને તેમણે વકીલાત કરવા નહોતા બોલાવ્યા. (ક્રમશઃ)



સૌજન્ય : કુંતલ નિમાવત સંપાદિત પુસ્તક 'ગાંધીકથા'
કથાકાર : સ્વ. શ્રી નારાયણ દેસાઈ